# સાબરમતી પોલીસ સ્ટેશન

# અમદાવાદ શહેર


ફોન નંબર-૦૭૯૨૭૫૦૬૮૧૯


## <u>પ્રેસનોટ</u>

### <u>સાબરમતી વિસ્તારમાંથી શ્રાવણિયો જુગાર રમી રમાડતા કુલ ત્રણ ઇસમોને કુલ્લે રૂપિયા ૬૦,૪૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી સાબરમતી પોલીસ</u>

મેં પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 સાહેબ નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સારૂ રાખેલ ડ્રાઇવ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પો.સ્ટે. પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળા તથા સર્વેલન્સ પો.સ.ઇ.શ્રી ડી.જી.બડવા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો કમલેશકુમાર સોમાભાઇ બ.ન.૫૭૧૧ તથા પો.કો જયેશકુમાર બાબુલાલ બ.ન.૧૦૪૧૪ તેમજ વુ.લોકરક્ષક ભાવનાબેન ગંગાભારતી બ.ન.૯૦૬નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે અત્રે સાબરમતી તપોવન નં-૧ની ચાલી ના નાકે ખુલ્લી જગ્યામાં કેટલાક માણસો ગોળ કુંડાળુવળી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની પ્રવૃતી ચાલુ છે જે હકીકત આધારે સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યા જઇ રેડ કરતા કુલ 03 (ત્રણ) ઇસમોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના અંગજડતીના નાણા રૂપિયા ૫૪,૦૦૦/- તથા દાવના નાણા રૂપિયા ૬,૪૫૦/- તેમજ ગંજીપાના ૫૨ કિંમત્ત રૂપિયા ૦૦/૦૦ મળી કુલ્લે રૂપિયા ૬૦,૪૫૦/- નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ તમામ ઇસમો વિરૂધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી નં-૩૦૯૮/૨૦૧૯ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી જુગારનો ગાણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે અને આગળની તપાસ ઇન્વે. હેડ કોન્સ એ.એમ.રાજપાલ નાઓએ સંભાળે છે

તા-૧૮/૦૮/૨૦૧૯